| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

**તા.૨૦/૦૯/૨૦૨૨ મંગળવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૬૮૧/૨૦૨૨**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની**

**તા.૧૯/૦૯/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૨ | ૦ | ૧૪૨ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૫ | ૦ | ૧૦૦૬૯૫ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૮ | ૪,૨૬,૧૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

# વાહન ચોરીના ગુનાના આરોપીઓની અટકાયતની વિગત

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

## બાપુનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી વાહન ચોરી કરનાર કિશોરને એકટીવા તેમજ બે સાઇકલો સાથે પકડી પાડતી કૃષ્ણનગર પોલીસની સર્વેલન્સ ટીમ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી " જી " ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પો.ઇન્સ એ.જે.ચૌહાણ નાઓની સુચના આધારે સર્વેલન્સ સ્કોર્ડના પો.સબ.ઇન્સ એસ.કે.જાડેજા તથા સાથેનો સ્ટાફ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આગામી આવનાર નવરાત્રીના પવિત્ર તહેવાર તથા તાજેતરમાં બનેલ મિલ્કત સબંધી ગુન્હા શોધવા તથા બનતા ગુન્હા અટકાવવા તેમજ મિલકત સબંધી ગુન્હાઓમાં નાસતા-ફરતા આરોપીઓને પકડવા તેમજ પ્રોહી-જુગારની પ્રવૃતી સંદતર નિસ્ત નાબુદ કરવા સારૂ અવાર-નવાર ડ્રાઇવનુ આયોજન થઇ રહેલ હોય જેથી આવા આરોપીઓની તપાસના કામે પો.સ્ટે.વિસ્તારમાં વાહનોમાં તા.૧૭/૦૯/૨૦૨૨ ના રોજ ક.૨૩/૦૦ વાગ્યાથી થી પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ફરતા-ફરતા આજરોજ તા.૧૮/૦૯/૨૦૨૨ ના ક.૦૧/૦૫ વાગે ઠક્કરનગર વેરા પ્રાર્થના ફ્લેટ પાસે જાહેર રોડ ઉપરથી પસાર થતા હતા તે દરમ્યાન સાથેના અ.હેડ.કોન્સ રવિરાજસિંહ નટૂભા તથા અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ નાઓને સંયુકત રીતે ખાનગી રાહે બાતમી હકિકત મળેલ જે આધારે સદરી જગ્યાએ સ્ટાફ તથા પંચોના માણસો સાથે વોચ ગોઢવી સદરી બાતમીમાં જણાવેલ ઇસમ સફેદ કલરનુ એકટીવા લઇ પસાર થતા સદરી ઇસમને વાહન સાથે રોકી સદરી ઇસમને જોતા નાની વયનો કિશોર જણાતો હોય જેના આઇ.ડી પ્રુફ ની ખરાઇ કરી સદરી કિશોર પાસેથી એકટીવાના કાગળો માંગતા ગલ્લા તલ્લા કરતો હોય સદરી ને વિશ્વાસમાં લઇ યુક્તિ પ્રયુક્તિ થી પૂછતા સદરી કિશોરે જણાવેલ કે તેણે તથા તેના મિત્રોએ સાથે પંદરેક દિવસ પહેલા ન્યુ અરવિંદ સોસાયટી શ્યામ શિખર ચાર રસ્તા બાપુનગર થી ચોરી કરેલ હોય જે બાબતે ખરાઇ કરતા બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે પાર્ટ.એ.ગુ.ર.નં-૧૧૧૯૧૦૦૭૨૨૦૭૪૯/૨૦૨૨ ધી.ઇ.પી.કો. કલમ-૩૭૯ મુજબ ના ગુન્હો નોધાયેલ છે તેમજ કિશોરની વધુ પૂછપરછ દરમ્યાન બીજી બે સાઇકલો એક પાતળા ટાયર તથા એક જાડા ટાયર વાળી કિ.રૂ.૬,૦૦૦/-ની અગાઉ પંદરેક દિવસ પહેલા શિવમ સ્કુલ પાશ્વનાથ કેનાલ પાસેથી પોતે ચોરી કરેલ હોય જે કબ્જે કરી સદરી કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર વિરૂધ્ધ સી.આર.પી.સી.કલમ-૪૧(૧)ડી મુજબની કાર્યવાહી કરી મુદ્દામાલ પંચનામાં વિગતે કબ્જે કરી સદરી કિશોરને તેના વાલીને સોપી તથા એકટીવા ચોરી બાબતે બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે વર્ધી લખાવી બાપુનગર પોલીસ સ્ટેશન ના ગુન્હાનો ભેદ ઉકેલી પ્રસંશનીય કામગીરી કરેલ છે.તા.૧૮/૦૯/૨૦૨૨

## મુદ્દામાલ:-

ચોરી કરેલ સફેદ કલરની એકટીવા નં-GJ-01-NS-1980 ની જેનો ચે.નં-ME4JC448EC8961722 તથા એ.નં-JC44E2072259 નો જેની અંદાજે કિ.રૂ.૧૦,૦૦૦/-ની બે સાઇકલો કિ.રૂ.૬,૦૦૦/-તથા અંગજડતીના રોકડ રૂપિયા ૩,૩૦૦/-મળી કુલ્લે કિ.રૂ.૧૯,૩૦૦/-નો મુદ્દામાલ

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઇન્સ શ્રી એસ.કે.જાડેજા તથા સાથેના સર્વેલન્સના માણસો એ.એસ.આઇ અકબરખાન શેરખાન બ.નં-૮૪૧૭ તથા અ.હેડ.કોન્સ રવિરાજસિંહ નટૂભા બ.નં-૮૫૯૦ તથા અ.પો.કોન્સ હિતેશકુમાર ગોકળભાઇ બ.નં-૯૯૯૪ તથા અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ બ.નં-૧૧૮૦૨ તથા અ.પો.કોન્સ અવિનાશસિંહ ઇન્દ્રસિંહ બ.નં-૧૦૬૬૩ તથા અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ બ.નં-૧૦૧૮૮





# જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી જુગારનો કેશ શોધી કાઢતી કૃષ્ણનગર પોલીસ સ્ટેશનની ટીમ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી " જી " ડિવીઝન અમદાવાદ શહેર નાઓની કચેરીઓ તરફથી અવાર-નવાર પ્રોહી/જુગારની ડ્રાઇવનુ આયોજન થઇ રહેલ હોય તેને લઇને તેમજ આગામી આવનાર નવરાત્રીના પવિત્ર તહેવારને લઇને પો.સ્ટે.વિસ્તારમાં કોઇ અનિચ્છનીય બનાવ ન બને તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે સારૂ તેમજ પ્રોહી/જુગાર ની પ્રવૃત્તી સદંતર નેસ્ત નાબુદ કરવા તેમજ અન્ય કામગીરી સારૂ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ના પોલીસ ઇન્સ્પેકટર શ્રી એ.જે.ચૌહાણ નાઓની સુચના મુજબ વિહીકલ સ્કોર્ડના પો.સબ.ઇન્સ શ્રી એ.આર.અસારી તથા સાથેના વિહીકલ સ્કોર્ડના સ્ટાફના માણસો તા.૧૯/૦૯/૨૦૨૨ ના રોજ ક.૧૬/૩૦ વાગે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલિંગમા હતા દરમ્યાન ફરતા ફરતા ક.૧૭/૦૦ વાગે બાપા સીતારામ ચોક ખાતે આવતા સાથેના અ.પો.કોન્સ વિક્રમસિંહ મહેન્દ્રસિંહ તથા અ.પો.કોન્સ વેલાજી હેમાજી નાઓને ખાનગી રાહે સંયુકત બાતમી હકિકત મળેલ કે " પાશ્વનાથ ટાઉન શીપ ખાતે વિ-૧ ના મ.નં.ઇ/૫૨૦,ના ધાબા ઉપર કેટલીક મહિલાઓ ધાબા ઉપર ખુલ્લામાં ગંજી પાના તેમજ પૈસા વડે હાર જીતનો જુગાર રમી રમાડે છે " જે બાતમી હકીકત આધારે સદરી જગ્યા ઉપર સાથેના સ્ટાફના માણસો તથા પંચોના માણસોને સાથે રાખી સદરી બાતમી હકિકત વાળી જગ્યા ગિરીવૃંદ સોસાયટી મ.નં ઇ/૫૨૦, આગળ આવી ધીરે-ધીરે સીડી વાટે ધાબા ઉપર જઇ રેઇડ કરી જુગાર રમતા નવ (મહિલા આરોપીઓ)ને જુગાર રમવાના મુદ્દામાલ સાથે તા.૧૯/૦૯/૨૦૨૨ ના ક.૧૮/૩૦ વાગે જુગાર ધારા કલમ-૧૨ મુજબ પકડી પાડી જુગારનો કેસ સોધી કાઢી સારી કામગીરી કરેલ છે તા.૨૦/૦૯/૨૦૨૨

## આરોપીઓના નામ સરનામા :-

(૧) હેમાબેન વા/ઓ રમેશભાઇ માધવદાસ જાતે ગેરેલા ઉ.વ.૫૩ ધંધો-ઘરકામ રહે,મ.નં.ઇ/૫૨૦, વિ-૧, પાશ્વનાથ ટાઉન શીપ નવા નરોડા કૃષ્ણનગર અમદાવાદ શહેર +૦૮=૦૯

## મુદ્દામાલ:-

જુગાર રમવાના સાધનો અંગજડતીના રોકડા નાંણા રૂ.૫,૯૮૦/-તથા દાવના નાંણા રૂ.૭૦૦/-તથા મો.ફોન નં-૦૩ કિ.રૂ.૯,૫૦૦/-તથા ગંજી પાના નંગ-૫૨ કિ.રૂ.૦૦/૦૦ મળી તમામની કુલ્લે કિ.રૂ. ૧૬,૧૮૦/- ની મત્તાનો મુદ્દામાલ

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

વિહીકલ સ્કોર્ડ પો.સબ.ઇન્સ એ.આર.અસારી અ.હેડ.કોન્સ કલ્પેશકુમાર રણછોડભાઇ બ.નં.૫૦૭૧ તથા અ.પો.કોન્સ વિક્રમસિંહ મહેન્દ્રસિંહ બ.નં.૫૩૭૫ તથા અ.પો.કોન્સ વેલાજી હેમાજી બ.ન.૬૫૭૨ તથા અ.પો.કોન્સ સતિષકુમાર જયંતિભાઇ બ.ન.૭૦૭૮ તથા અ.પો.કોન્સ લાલાભાઇ દેવાભાઇ બ.નં.૭૫૫૫ તથા વુ.અ.પો.કોન્સ જાગૃતીબેન શંકરભાઇ બ.નં.૭૭૭૫ તથા વુ.અ.પો.કોન્સ તરૂણાબેન અમરકુમાર બ.નં.૮૮૪૨

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૬૮૨/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૧૬૮ લીટર દેશી દારૂ અને ૫૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૧૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૨૨,૫૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૬૮૩/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૬૮૪/૨૦૨૨**

**માધવપુરાઃ** પરીન શૈલેષભાઇ શાહ (રહે. અક્ષરધામ ટાવર પોલીસ સ્ટેડીયમની બાજુમા શાહીબાગ) એ તા.૧૯/૦૯/૨૦૨૨ ના રોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૦૯/૨૦૨૨ સાંજના ૬/30 થી તા.૧૯/૦૯/૨૦૨૨ કલાક ૮/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન દુધેશ્વર સુમેલ-૬ કોમ્પલેક્ષના ડી બ્લોકમાં ૧૧૬ નંબરની બ્રાઇટ કોમ્પ્યુટર નામની દુકાનની ઓફીસના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી કાચની રેક ઉપર મુકેલ અગલ-અલગ કંપનીના લેપટોપ કુલ નંગ-૧૮ કિમત રૂપિયા ૧,૨૦,000/- તેમજ ડ્રોઅર માંથી રોકડ રૂપિયા ૨૫00/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.જે.ચાવડા ચલાવે છે.

**કાલુપુરઃ** શાહબુદ્દીન નિઝામુદ્દીન શેખ (રહે. સાગડીયાની પોળ હજીરાપોળ સામે કાલુપુર ટાવર પાસે કાલુપુર) એ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૦૯/૨૦૨૨ કલાક ૪/00 થી તા.૧૯/૦૯/૨૦૨૨ રાતના ૧/00 વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૨,૫0,000/- અને રોકડ રૂપિયા ૨,૬૩,000/- મલી કુલ રૂપિયા ૫,૧૩,000/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.વી.પટેલ ચલાવે છે.

**બેગ ઝુટવી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૬૮૫/૨૦૨૨**

**સોલા હાઈકોર્ટઃ** કલ્પેશભાઇ સ/ઓ અમૃતલાલ કંસારા (ઉ.વ.૪૩) (રહે. બંધન સોસાયટી કેડીલા લેબોરેટરી રોડ ઘોડાસર) તા.૧૯/૦૯/૨૦૨૨ બપોરના ૨/30 વાગ્યાના સુમારે ચાંદલોડીયા વિશ્વકર્મા મંદીર સામે શ્લોક ઇન્ફીનીટી કોમ્પલેક્ષના પાછળના ભાગે આવેલ પાન પાર્લર આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ કલ્પેશભાઈ કંસારાની બેગ ઝુટવી લઈ નાસી ગયા હતા. જે બેગમાં સોનાના ડોકીયા ૨૫ નંગ તથા સોનાની કાનની બુટ્ટી ૨૫ જોડ કિમત રૂપિયા ૧૨,૩૩,૨૯૮/- મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એમ.ઝાલા ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૬૮૬/૨૦૨૨**

**વાસણાઃ** મેમનગર ગોપાલનગર રમેશભાઇની ચાલી ખાતે રહેતા બંસીલાલ મોતીલાલ પરમાર (ઉ.વ.૨૮)(મુળ વતન. ગામ-સમોતા જોગીવાડા પોસ્ટ-માંડવકી પાલ તા.જી.ડુંગરપુર રાજસ્થાન) તા.૧૯/૦૯/૨૦૨૨ બપોરના ૩/૧૫ વાગ્યાના સુમારે વાસણા આયોજનનગર ખાતે બંગલા નંબર ઇ/૨૮ માં સાફ-સફાઇ કરવા સારૂ મકાનની અંડર ગ્રાઉન્ડ પાણીની ટાંકીમાં ઉતરવા જતા, ટાંકીમાં લગાવેલ પથ્થર ઉપરથી પગ મુકી નીચે ઉતરવા જતા, ટાંકીમાં પડી જતા, ટાંકીમાં સબમર્શીબલ મોટર ફીટ કરેલ હોઇ વીજ કરંટ લાગતા તેમજ પડી જવાથી ઇજા થતા સારવાર અર્થે તેમને જીવરાજ મહેતા હોસ્પીટલ ખાતે લઇ જતા બપોરના ૩/૫૦ વાગે ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી દાનાભાઇ ડાહ્યાભાઇ ચલાવે છે.

**ઝેરી જીવજંતુ કરડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૬૮૭/૨૦૨૨**

**સાબરમતીઃ** સાબરમતી ત્રાગડ રોડ ખાતે નવી બનતી સાઇટ “હેવન” ખાતે રહેતા અને ત્યા જ કામ કરતા શ્રીધરભાઇ માવી (મુળ વતન. ગામ-સાપરી પોસ્ટ-જાંખવા તા-કાલીદેવી જી-કાલીદેવી મધ્યપ્રદેશ) ની સાત વર્ષની પુત્રી રોશની રહેણાંકના છાપરામાં સુતી હતી દરમ્યાન તા.૧૯/૦૯/૨૦૨૨ કલાક ૦૦/૧૫ વાગ્યાના સુમારે રોશનીને ડાબા હાથની આંગળીએ ઝેરી જીવજંતુ કરડી જતા સારવાર અર્થે તેને સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવી હતી. જ્યાં સારવાર દરમ્યાન સવારના ૫/૦૦ વાગે તેનુ મૃત્યુ નિપજયું હતું. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કિશોરસિંહ ભેરૂસિંહ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૬૮૮/૨૦૨૨**

**સોલા હાઈકોર્ટઃ** શૈલેષભાઇ સ/ઓ ગૌતમભાઇ ચુનારા (ઉ.વ.૨૭) (રહે. ભગવતિનગર વસંતનગર ટાઉનશીપ ગોતા) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૯/૨૦૨૨ સાંજના ૫/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે **સોલા હાઈકોર્ટ** પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી કિરિટકુમાર વિઠ્ઠલદાસ ચલાવે છે.

**રીવરફ્રન્ટ વેસ્ટઃ** પ્રદિપભાઈ ઉમેશભાઈ વર્મા (ઉ.વ.૨૬)(રહે.આનંદનગર સોસાયટી અશ્વમેઘ સ્કુલ પાસે હાટકેશ્વર અમરાઈવાડી) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૯/૨૦૨૨ રાતના ૮/૪૫ વાગ્યા પહેલા અટલબ્રિજ પાસે સી.ડી નંબર-૨૬ પાસે રીવરફ્રંટ વોક-વે નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જાહિદભાઈ બલદારભાઈ ચલાવે છે.

**વેજલપુરઃ** રીયાઝખાન યાકુબખાન પઠાણ (ઉ.વ.૪૦)(રહે.ફઝાન રો-હાઉસ, જાંબુવાલા સોસાયટી ની બાજુમાં મોમીનપાર્ક પાસે ફતેવાડી) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૯/૨૦૨૨ કલાક ૧૦/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દોરી અને દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એચ.ઝાલા ચલાવે છે.

**બાપુનગરઃ** નેહાબહેન નરેશભાઇ પટણી (રહે.ગુજરાત હાઉસીંગ બોર્ડ ઓક્સીજન પાર્ક સામે બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૯/૨૦૨૨ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે રહેણાંક નજીક બ્લોકની ગલીમાં ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે તેમને જીસીએસ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૯/૦૯/૨૦૨૨ કલાક ૪/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતું. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મહેન્દ્રસિંહ અર્જુનસિંહ ચલાવે છે.

**નારોલઃ** અભિષેક કિરીટસિંહ વાઘેલા (ઉ.વ.૨૬)(રહે.સમ્રાટનગર સોસાયટી જેઠાભાઇની વાવ પાસે સ્મૃતિ મંદિર રોડ ઇસનપુર નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૯/૨૦૨૨ સાંજના ૫/૩૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિંહ ભગવતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી